સુવિચાર : મનના કુરુક્ષેત્રમાં વિજય મેળવવો એ પ્રધાનમંત્રી પદ મેળવવા કરતાં પણ વધારે કપરૂં કામ છે - મૃગેશ વૈષ્ણવ



સંસદના ચોમાસુ સત્રનો તોફાની પ્રારંભ Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૨ ૨૧ જુલાઇ, ૨૦૧૫, મંગળવાર ; અષાઢ સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વરસાદ ખેંચાતા ચિંતાના વાદળો ઘેરાયા

## આકાશ બે દિવસથી સતત ગોરંભાયેલું રહે છે પરંતુ વરસાદ ન વરસતા ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે : અબોલ પશુ-પક્ષી, ઘાસચારાથી લઈ અનેક સમસ્યાઓનો સામનો કરે છે : શાકભાજી - લીલા ઘાસચારાના ભાવમાં કુદકે ને ભૂસકે વધારો થતો જાય છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા જનજીવન પર તેમજ અર્થતંત્ર પર વિપરીત અસરો પડી રહી છે. શાકભાજી અને લીલા ઘાસચારાના ભાવમાં વધારો થયો છે તેમજ જિલ્લામાં પાણીજન્ય રોગચાળા ઉપરાંત અન્ય રોગના દર્દીઓ ખાસ કરીને વાઈરલ રોગોનો શિકાર લોકો વધુ બની રહ્યા છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે તેમજ વાવણીનું કાર્ય છેલ્લા પખવાડિયાથી સ્થગિત થઈ ગયુ છે અને જે કંઈ વાવેતર કર્યુ છે તે પાકને બચાવવા માટે પિયતની સુવિધા માટે ખેડૂતો દોડતા થયા છે. આ વખતે પણ વરસાદ જે રીતે ખેંચાયો છે તેને લઈ ખેડૂતોનો ખેતી માટેનો ઉત્સાહ લગભગ ઓસરી ગયો છે અને હવે માત્ર ઘાસચારાના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી તેવી શક્યતાઓ છે.

મધ્યપ્રદેશ પર છવાયેલા હવાના હળવા દબાણના કારણે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત પર વાદળો છવાયા છે. છેલ્લા બે દિવસથી આકાશ ગોરંભાય છે પરંતુ વરસાદ ન પડતાં સૌ કોઈના ચહેરા પર ચિંતાની લકીર જોવા મળી રહી છે. ખેડૂતો આકાશ તરફ સતત મીટ માંડીને બેઠા છે.

જૂન માસના બીજા પખવાડિયામાં વરસાદ પડ્યા બાદ રીસાઈ ગયેલા મેઘરાજાએ છેલ્લા ઘણા દિવસોથી પુનઃ પધરામણી કરી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

હાથતાળી આપતા વાદળો - ગાંધીનગરના ગગનમાં ગોરંભાતા વાદળો ક્યારેક પ્રતિત કરાવે છે કે હમણા વરસાદ વરસશે... અને આ માત્ર એક-બે કલાક નહિ પરંતુ આખો દિવસ આવું જ વાતાવરણ અનુભવાય છે... પરંતુ બફારા સિવાય કશું જ અનુભવાતુ નથી... ગાંધીનગરના લીલાછમ વૃક્ષોની વચ્ચે ઘેરાયેલા વાદળો આશા જરૂર જન્માવે છે પરંતુ સાંજે નિરાશાના વાદળો સાથે વરસાદી વાદળો હાથતાળી આપી જાય છે...

# મનપાની વેબસાઈટ પર ધંધાકીય વિગતો મુકી આવક ઉભી કરાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાએ તેની વેબસાઈટ પર ધંધાકીય વિગતો મુકી અને આવક રળવાનો નવતર નુસખો અપનાવવાનો નિર્ણય કર્યો છે.

મહાનગરપાલિકાની આજે સ્થાયી સમિતિની ચેરમેનશ્રી રાકેશ પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠક પૂર્વે મનપા દ્વારા પૂરવણી એજન્ડા જારી કરાયો હતો જેમાં આ મહત્વની દરખાસ્ત હતી.

બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે રૂ.૧૦થી લઈ રૂ. એક હજાર સુધીનો દર મનપા દ્વારા ધંધાકીય વિગતો વેબસાઈટ પર મુકવા માટે વસુલશે. આ માટેના વિવિધ દર પણ નિયત કરવામાં આવ્યા છે. ધંધો કેવો છે તેની જરૂરિયાતને ધ્યાને રાખી દર વસુલવામાં આવશે.

આજે સ્થાયી સમિતિએ વહીવટી કામકાજ વધુ કર્યા હતા. આ બેઠકમાં જુસિકાને સહાય પેટે રૂ. ૨૧ હજાર વધારી આપવાનો નિર્ણય કરવા ઉપરાંત લાકડાનો ભાવ પણ વધારીને ૧૦૪૦ કરવાનો (૧૩ મણ)નો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિએ આજે સરકારની સૂચનાને પગલે યોજાયેલ પ્રતિભા ખોજ સ્પર્ધાના આયોજનને લઈ કરેલ ખર્ચની વધુ વિગતો સાથે તેનો હેતુ તેમજ ખર્ચની યથાર્થતા દર્શાવતા કારણો સાથે રજુ કરવા માટે સૂચવી તેને આગામી બેઠક સુધી મુલત્વી રાખવાનો પણ નિર્ણય કરી સૌને ચોંકાવી દીધા હતા.

મનપાની સ્થાયી સમિતિએ આગામી બે મહિનામાં જે કામના ટેન્ડરોની મુદત પૂર્ણ થઈ ગઈ છે તે ઝડપથી પૂરી કરવા તંત્રને કડક તાકીદ કરી ૩૧-૮-૨૦૧૫ સુધીનો

● અનુસંધાન પાન-૭ પર



ગણપતિ બાપા - ગણેશ ચતુર્થીના આગમનનો અણસાર આ તસવીરથી અનુભવાય છે... આગામી દોઢેક મહિના બાદ ગણેશ ચતુર્થી ધામધૂમથી ઉજવાશે પરંતુ એની પૂર્વ તૈયારીઓ આરંભાઈ ચૂકી છે... ગણપતિ બાપાની મૂર્તિઓ તૈયાર કરવા કારીગરોએ મુર્હુત કરી દીધા છે... ગામે-ગામ, પોળે-પોળ, શેરીએ શેરીએ ઉજવાતી ગણેશ ચતુર્થીમાં ગણેશજીની વિવિધ સાઈઝ અને મુદ્રાની મૂર્તિઓ તૈયાર થઈ રહી છે...

# જિલ્લામાં ૧૩ વડીલોની વય ૧૦૦ કે તેથી વધુ

## ૮ મહિલા અને પાંચ પુરૂષોએ શતાયુ પૂર્ણ કર્યા છે : કલોલમાં ચાર મહિલા તો માણસામાં ત્રણ મહિલા અને એક પુરૂષ : ગાંધીનગરના વડોદરા ગામે બે વ્યક્તીઓએ શતાયુ પૂર્ણ કર્યા છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સો વર્ષ કે તેથી વધુ આયુ ધરાવતી ૧૩ વ્યક્તીઓ છે. જેમાં ૮ મહિલા અને પાંચ પુરૂષનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૧૦૦ થી વધુ વય ધરાવનારાઓમાં કલોલ અને માણસામાં ૪-૪ વ્યક્તી છે, જ્યારે ગાંધીનગરમાં ત્રણ તેમજ દહેગામમાં ૨ વ્યક્તી છે.

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામમાં સો વર્ષથી વધુ આયુ ધરાવતા બે મહાનુભાવો છે. ગલબાજી ધોળાજી ઠાકોર તેમજ અંબાલાલ રેવાશંકર ભટ્ટ આ બે મહાનુભાવોએ નિયમિત જીવનચર્યાને લઈ શતાયુનો આંક પાર કર્યો છે.

કલોલ તાલુકામાં ચાર મહિલાઓએ શતાયુનો આંક વટાવ્યો છે. પાનસર, ઓખા, દંતાલી અને સઈજમાં તેમના પરિવાર સાથે આ મહિલાઓ જીવનનો આનંદ લુટી રહેલ છે. દહેગામમાં બે પુરૂષો છે જે બન્ને મુવાડીઓમાં પરિવાર સાથે જીવન જીવી રહ્યાં છે.

માણસા તાલુકામાં ત્રણ મહિલા અને એક પુરૂષ સો વર્ષની આયુ પૂર્ણ કરી છે. ધોળાકુવા, લોદ્રા, વરસોડા અને ગુલાબપુરામાં આ વ્યક્તીઓ નિવાસ કરી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં એક તબક્કે ૧૦૦થી વધુ આયુ ધરાવનારાઓની સંખ્યા ૩૦થી પણ વધુ હતી પરંતુ હવે તેમાં ઘટાડો થયો છે અને આ સંખ્યા ૧૩ પર આવી ગઈ છે.

૧૦૦થી વધુ આયુ ધરાવનારાઓમાં મહિલાઓની સંખ્યા ૮ છે. નિયમિત જીવન અને સતત કાર્યરત રહેવાની વૃત્તિને લઈ તેઓ નિરોગી જીવન જીવી રહી છે.

# ભાજપ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહાસંપર્ક અભિયાન વધુ સઘન બનાવશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ભાજપના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવા માટે મહાસંપર્ક અભિયાન આગામી દિવસોમાં વધુ સઘન બનાવવામાં આવશે.

જિલ્લામાં મહાસંપર્ક અભિયાન દ્વારા ૧.૫૦ લાખથી વધુ કાર્યકરો જેઓએ મિસકોલ દ્વારાતેમનું સભ્યપદ નોંધાયું છે તેમનો સંપર્ક કરી અને પક્ષના પ્રાથમિક સભ્ય તરીકેની વિધિવત્ નોંધણી કરવામાં આવશે.

સંગઠ્ઠન પાંખ દ્વારા જિલ્લામાં મહાસંપર્ક અભિયાન હાલ જિલ્લા પંચાયતની બેઠક દીઠ હાથ ધરી ૧૫ ઓગષ્ટ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતોની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી આ મહાસંપર્ક અભિયાન અંગેનું સંપૂર્ણ માઈક્રો પ્લાનીંગ થઈ ગયાનું પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે અને પંચાયતની સાત જેટલી બેઠકો પર તે પૂર્ણ થઈ જવા પામ્યુ હોવાનું જણાવ્યું છે.

જિલ્લામાં મહાસંપર્ક અભિયાન બાદ સંગઠ્ઠનને વધુ ચેતનવંતુ બનાવવા વિવિધ કાર્યક્રમો પણ તૈયાર કરી દેવામાં આવ્યા હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લામાં મહાસંપર્ક અભિયાન સહિતની વિવિધ બાબતો અંગે પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પણ એક ખાસ બેઠક કરવામાં આવી હતી.

# હિટ એન્ડ રન કેસમાં વિસ્મયને જામીન આપવા કોર્ટનો ઈન્કાર

## વિસ્મયના વકીલે સલમાન ખાનનો દાખલો આપ્યો : સલમાનને મુંબઈ હાઈકોર્ટમાંથી આવા મામલામાં જામીન મળ્યા છે : દલીલો દરમિયાન વિસ્મયના વકીલની દલીલ

અમદાવાદ, તા.૨૦

સમગ્ર અમદાવાદમાં ભારે ચર્ચા જગાવનાર બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસમાં દોષિત જાહેર થયેલા અને પાંચ વર્ષની સજા પામેલા વિસ્મય શાહ દ્વારા કરવામાં આવેલી જામીન માટેની અરજીને ગુજરાત હાઈકોર્ટે આજે ફગાવી દીધી હતી. વિસ્મય શાહે તેને થયેલી સજાને પડકાર ફેંકી અરજી દાખલ કરી હતી. જો કે, ભોગ બનેલા લોકોના પરિવાર તરફથી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીએ સુપ્રીમ કોર્ટ તરફથી લાદવામાં આવેલી શરતોનો ભંગ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે વિસ્મય શાહની જામીન અરજીને ફગાવી દીધી હતી.



વર્ષ ૨૦૧૩ના હિટ એન્ડ રન કેસમાં નિચલી અદાલતે વિસ્મયને પાંચ વર્ષની સજા ફટકારી હતી. વિસ્મયના વકીલે સુપર સ્ટાર સલમાન ખાનનો દાખલો ગણાવ્યો હતો જેમાં આવા જ બનાવમાં સલમાનને રાહત આપવામાં આવી ચુકી છે. જસ્ટિસ એસજી શાહે તેની જામીન અરજીને ફગાવી દીધી હતી. ૧૩મી જુલાઈના દિવસે સેશન કોર્ટે વિસ્મયને અપરાધી ઠેરવ્યો હતો. આજે હાઈકોર્ટમાં દલીલો દરમિયાન વિસ્મયના વકીલે સલમાન ખાનને આવરી લેતા મુંબઈ હાઈકોર્ટના ૮મી મેના ચુકાદાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં સલમાન ખાનને વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં આઈપીસીની કલમ ૩૦૪(૨) હેઠળ અપરાધી ઠેરવવા આવેલા સલમાનને જામીન આપી દીધા હતા. વિસ્મયની અરજીનો વિરોધ કરતા પ્રોસીક્યુશન વકીલ જીત ભટ્ટે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી શરતોનો તે ભંગ કરી ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩મી જુલાઈના દિવસે વર્ષ ૨૦૧૩ના સનસનાટીપૂર્ણ બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસમાં વિસ્મય શાહને પાંચ વર્ષની આકરી જેલની સજા ફટકારવામાં આવી હતી. નિચલી અદાલતે અઢી વર્ષ જુના આ કેસમાં ૨૦૦ પાનામાં ચુકાદો જાહેર કર્યો હતો. પાંચ વર્ષની જેલની સજાની સાથે સાથે ૨૫૦૦૦ હજાર રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો અને જો દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની સજા કરવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદથી વિસ્મય સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે. એ દિવસે નિચલી અદાલતે વિસ્મયને સજા ઉપરાંત મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા ચુકવવાનો પણ આદેશ કર્યો હતો. આ કેસમાં કોર્ટે બે સાક્ષીઓ લલિત ગુપ્તા અને દિનેશ ચૌધરીને પણ નોટિસ ફટકારી દીધી હતી. આ બંને કોર્ટમાં નિવેદન આપીને ફરી ગયા હતા.




૧ થી ૩૦ સેક્ટર માટે

આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગર સમાચાર

## નિમંત્રણ છે...

- ગાંધીનગર શહેરની સામાજિક - સાંસ્કૃતિક - સાહિત્યીક - સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારોને પાસપોર્ટ સાઈઝનો ફોટો-જન્મતારીખ અને સંપર્ક ફોન નંબર મોકલવા વિનંતી છે.
- શહેરના કલાકારો - પત્રકારો - સાહિત્યકારો અને કથાકારોને પણ પાસપોર્ટ સાઈઝનો ફોટો - જન્મતારીખ અને સંપર્ક માટેનો ફોન નંબર મોકલવા નિમંત્રણ છે.
- શહેર - જિલ્લાના રાજકીય પક્ષોના પદાધિકારીઓ તથા આગેવાનોને પણ અમારું નિમંત્રણ છે કે આપના ફોટા સાથે જન્મ તારીખ અને ફોન નંબર મોકલી આપશો.

ઉપરોક્ત વિગતો સાથેના ફોટોગ્રાફ

૨૪ જુલાઈ - ૨૦૧૫ સુધી કાર્યાલય પર

સવારે ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦ દરમિયાન સ્વીકારી શકાશે.

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન નં. : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨ ૩૭૫૭૧